# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO : MAHGUJ/2006/17870 તંત્રી : ડૉ. નાગજી કેશવજી રીટા

વર્ષ : ૧૨ ● અંક : ૮૧ ● સળંગ અંક : ૩૩૭૬ ● પાના : ૨૦ ● સૂર્યોદય : ૬.૦૧ www.vvomahajan.org સૂર્યાસ્ત : ૭.૧૬ ● સં. ૨૦૭૪ ● જેઠ સુદ–૦૯ ● ગુરુવાર, તા. ૨૧ જૂન, ૨૦૧૮

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ–ઈસ્ટ, મુંબઈ–૪૦૦ ૦૯૭. ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ● શાખા : થાણા (વેસ્ટ)–૯૭૦૨૯૪૮૩૩૫ કિંમત રૂા. ૨/–


## મરણખબર

### પ્રાર્થના રાખેલ નથી



ગામ **આધોઈના** સ્વ. સંતોકબેન બેચરા રાયસી ગાલાના સુપુત્ર સ્વ. પેથા બેચરાના ધર્મપત્ની. સ્વ. **અમૃતબેન** દેશમાં અવસાન પામેલ છે. પૂજ્ય સાધ્વી વાચયંમાશ્રીજી, વૈરાગ્ય પૂર્ણાશ્રીજીના સંસારી માતુશ્રી, શામજીભાઈ, કાનજીભાઈ, સ્વ. પુરીબેન જેઠાલાલ ગડા (સામખીયારીના) ભાભી. ચંપાબેન, મંજુલાબેનના જેઠાણી. વિમળા, ભારતી, મહેશ, જીગ્નેશના મોટી મા. મંજુલા, રેણુકા, રસીક મણસી ફરીઆ, પંકજ ગોકળ છાડવા (સામખીયારી)ના કાકીજી સાસુ. આર્ષ, હસ્તી, ઉર્જા, મોક્ષના દાદી. સ્વ. ટોકરસી, સ્વ. હરગણના ભત્રીજા વહુ. સ્વ. થોભણ, સ્વ. અરજણ, સ્વ. લાખઈના કાકાઈ ભાભી. પૂજ્ય સાધ્વી વિશ્વકરૂણાશ્રીજી, નિર્મળા, મંજુલા, મનીષા, ઈન્દુના મામી. લાકડીયાના ગડા સ્વ. ચોથીબેન અવચર વિસાની દીકરી. સ્વ. માલસી, સ્વ. થાવર, સ્વ. નેણશી, સ્વ. લખમીના બેન. ગં.સ્વ. આસઈ, ગં.સ્વ. ચંદ્રીકાના નણંદ. સ્વ. રાજીબેન, સ્વ. ખેતઈબેન, સ્વ. વાઘજી, સ્વ. મેઘજીના ભત્રીજી. સવજી પાર્વતી, મુકેશના ફોઈ. હંસરાજ, મોંઘીના માસી. પરમ સ્નેહી ગાલા જગાણી પરિવાર તથા ગડા પેથાણી પરિવાર તથા જગતના સર્વ જીવો. બરવિધી થઈ ગયેલ છે. સદ્ગતના આત્મા અર્થે ૧૨ નવકાર ગણવા. ઠે.: પેથા બેચરા ગાલા, સેક્ટર નં.૫, સાહુ નગર, આધોઈ(કચ્છ). લિ. શામજીભાઈ તથા કાનજીભાઈ. મો.: 9820746009, 9822371621. (M-0)

## સામાજીક

### શ્રી ગાગોદર સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ ચાતુર્માસ પ્રવેશ

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે આપણા સંઘના પ્રબળ પુણ્યોદયે આપણા સંઘની વિનંતીને માન આપીને લીંબડી અજરામર સંપ્રદાયના તપોધની ગુરુદેવ પ.પૂ.શ્રી શામજી સ્વામી તથા તીર્થ સ્વરૂપા મ.સા. વેલમાણીક્ય વિમલ ઉજ્જવલ ગુરુણી તથા શાંત સ્વભાવી ગુરુદેવ પ.પૂ. ધૈર્યમુનિ મ.સાહેબ તથા સંઘાડાના શિરછત્ર એવા શાંત સ્વભાવી પ.પૂ. મુક્તાબાઈ મહાસતીજી તેમજ શાસન શણગાર પ્રવર્તિની પ.પૂ. અનિલાજી મહાસતીજીની અસીમ કૃપાથી સંવત ૨૦૭૪નું ચાતુર્માસ પ.પૂ.શ્રી મીતાજી મહાસતીજી આદી ઠાણા ચારનું મળેલ છે. એમના ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે દેશમાં તા. ૨૧/૨૨/૨૩ જુલાઈના આસપાસ જે ટિકિટો મળશે તે પ્રમાણે જવાનું નક્કી થયેલ છે. તો આપ સર્વે ધર્મ પ્રેમી ભાઈ–બહેનોએ સારી સંખ્યામાં નામો લખાવીને શાસન અને સંઘની શોભા દીપાવવા સર્વેને વિનંતી. નામ ચાર દિવસમાં નીચેના નંબર પર લખાવી દેવા વિનંતી. લિ. ગોપાલ માંડણ છેડા- 9664665555. (M-1024)

### નિસર્ગ એગ્રોનો શુદ્ધ દેશી ઘી

દેશી ગીરની ગાયનું વલોણા પદ્ધતિથી બનાવેલ ઘી નીચેના સ્થળે હંમેશા મળશે. અભ્યાસ કરતા બાળકો માટે, ગર્ભવતી મહિલાઓ માટે, વૃદ્ધ બિમાર અશક્ત વ્યક્તિઓ માટે અતી ઉપયોગી. અર્ધો લીટર, એક લીટરના પેકીંગમાં મળશે. (૧) સિલ્વર આર્ટ : ૨૨/૨૩, શાંતીનાથ શોપીંગ સેન્ટર, પહેલે માળે, એસ.વી.રોડ, મલાડ(વે)–9967000660 / 28894971. (૨) રાજકમલ ટીઃ ચેમ્બુર– 9819338877/25203000. (M-1003)

## શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

### આંતરરાષ્ટ્રીય યોગા દિવસની શુભેચ્છા

વ્હાલા જ્ઞાતિજનો,

આપણાં ભારત દેશના ૠષિમુનીઓ દ્વારા જે અદ્ભૂત યોગ કળાનો વારસો અને સંસ્કૃતિ આપણને મળી છે તે આજે સારાય વિશ્વમાં અપનાવાઈ ચૂકી છે. જે આપણાં માટે ગૌરવ લેવા જેવું છે. તન-મન અને આત્માને શુદ્ધ અને શાંત કરતી આ પ્રક્રિયાને શારીરિક અને માનસીક સ્વાસ્થ્યના મહત્ત્વના સ્ત્રોત તરીકે માનવામાં આવે છે. તેમાં કરાતા પ્રાણાયામથી શરીર અને મનનું સંતુલન જળવાય છે અને મનુષ્યનો શારીરિક અને આધ્યાત્મિક વિકાસ થાય છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જેવા અનેક મહાનુભાવો કે જે પોતાના સ્વાસ્થ્યની ચિંતા અને કાળજી રાખે છે તેમની ચુસ્તી સ્ફૂર્તિનું મુખ્ય કારણ પણ કદાચ આ યોગા જ છે.

આપણને મળેલા સુખ સગવડના સાધનોને માણવા માટે પણ નિરોગી અને સ્વસ્થ શરીર ખૂબ જરૂરી છે અને તે સ્વસ્થ શરીર માટે આપણાં રોજીંદા કાર્યક્રમની અંદર યોગા દ્વારા પ્રાણાયામ અને શારીરિક વ્યાયામ કરવા અતી જરૂરી છે. હાલના સમયમાં મનુષ્ય વિવિધ ટેન્શનો વચ્ચેથી પસાર થતો હોય છે. તેવા સમયે મનની સ્વસ્થતા ખૂબ જરૂરી છે, કારણ કે તમારો વ્યવસાય, વ્યવહાર અને સંબંધો બધાનો આધાર તમારી મનની સ્વસ્થતા ઉપર રહેલો છે. ધ્યાન અને યોગા માનસીક તણાવને નિયંત્રણમાં રાખવા માટેની ઉત્તમ ક્રિયા છે.

આપણાં યુવાનો સ્વાસ્થ્ય માટે ખૂબ કાળજી લઈ રહ્યા છે, તેઓ જીમ, વોક અને યોગા દ્વારા શારીરિક ફીટનેશની જાળવણી કરી રહ્યા છે, પરંતુ કેટલાક વડીલો આમાં ઉદાસીનતા દાખવી રહ્યા છે અને પરિણામે પોતાનું સ્વાસ્થ્ય બગાડી રહ્યા છે. માટે મિત્રો આવો આજના આ આંતરરાષ્ટ્રીય યોગા દિવસે તન અને મનને શુદ્ધ અને શાંત કરવા રોજ યોગા જેવી ક્રિયાને જીવનમા અપનાવવાનો સંકલ્પ કરીએ, સમાજમાં ચેતના અને જાગૃતી જગાવીએ અને સ્વસ્થ વાગડના હિમાયતી બનીએ.

**સ્વસ્થ વાગડ... સમૃદ્ધ વાગડ...**

**લિ. ડો. નાગજી કેશવજી રીટા–પ્રમુખ**

**શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન**

(M-0)




### શ્રી નૂતન ત્રંબૌ વિશા ઓસવાળ ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ)

શ્રી નૂતન ત્રંબૌ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ તેમજ ગુંદાલા સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ સંજોગવસાત ચાતુર્માસમાં ફેરફાર (૨૦૭૪)નું શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના બહુશ્રુત ગાદીપતી શ્રી પ.પૂ. શામજીસ્વામી પરિવારનાં શાંત સ્વભાવી પ.પૂ. ધૈર્યમુનિજી તેમજ પ.પૂ. ભવ્યમુનિજી આદી થાણા વાત્સલ્ય પ.પૂ. વેલ માણિક્ય વિમલગુરુણીના સુશિષ્યા સંઘાડાના શિરછત્ર પ.પૂ. મુક્તાજી મ.સ.જી પ્રવર્તનિજી પ.પૂ. અનિલાજી મ.સ.જીના કૃપા વરસી રહે. સંજોગવસાત (૨૦૪૭)નું ચાતુર્માસમાં ફેરફાર થયેલ છે તેની નોંધ લેશોજી. નૂતન ત્રંબૌ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ ગુંદાલા સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ (૧) પ.પૂ. જિજ્ઞાસાજી મ.સ.જી (નૂતન ત્રંબૌ) (૨) પ.પૂ. વિપુણાજી મ.સ.જી (રાપર) (૩) પ.પૂ. પરિજ્ઞાજી મ.સ.જી (રામવાવ) (૪) પ.પૂ. વિભુષિતાજી મ.સ.જી (વિંછીયા) (૫) પ.પૂ. કેવલ્ય મ.સ.જી(૨વ). લિ. નરશી કરમણ ગાલા. (T-398)

### પ્રેમહંસ જીવદયા મંડળ-થાણા

મુખ્ય કાર્યાલય : ૨, ઓમ અર્પણ કો.હા.સોસા., બાલકુમ, થાણા (વેસ્ટ)

પ્રેમહંસ જીવદયા મંડળના નેજા હેઠળ કબુતરને ચણ, કાગડાને ગાઠીયા, કુતરાને બિસ્કીટ રોજ સવારે ૮.૦૦ વાગે ઘોડબંદર રોડ, થાણા પર નાખવામાં આવે છે. જે પણ ભાઈ-બહેનોને પ્રેમહંસ જીવદયા મંડળમાં જોડાવું હોય તે જોડાઈ શકે છે અને જેમણે પણ સવારે ૮.૦૦ કલાકે ચણ નાખવા માટે આવવું હોય તે અમારી સાથે સેવા લઈ શકે છે. દર મહિને કબુતર, કાગડા, કુતરા માટે આવતી દાનની નામાવલી - ૨૦૦૦/- એક સદ્ગૃહસ્થ તરફથી - થાણા, ૫૦૦/- મહાદેવા લધાભાઈ ગામી-થાણા. ૫૦૦/- સવિતા શંકર બનકર-થાણા. ૩૦૦/- ગુણવંતીબેન જીતેન્દ્ર સુરણા-થાણા, ૩૦૦/- દિનેશ રતનચંદ પરમાર-થાણા. દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર. દાન માટે સંપર્ક : મામા-ભાણેજની જોડી. પ્રેમજી અખાભાઈ વધાણ-૨૫-થાણા 7738222248 હસમુખ હેમરાજ બોરીચા-ત્રંબૌ-થાણા : 9324310716. (T-399)

### શ્રી જીવદયા મંડળ ભચાઉ સંચાલીત શ્રી કનકસૂરિશ્વરજી અહિંસા ધામ દાતાઓની યાદી

૧૧૦૦૦/- શ્રી પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ.જૈન સંઘ-ઘાટકોપર. ૫૦૦૦/- અ.સૌ. કસ્તુરબેન વિસનજી છેડાની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે ગામ હાલાપુર હાલે સાંગલી. ૫૦૦૦/- શ્રી પન્નાબેન દિલીપભાઈ ઝવેરી-મુંબઈ. ૯૦૦૦/- મહેતા જીતેન્દ્ર તલકશીભાઈ-મુંબઈ. ૩૦૦૦/- માતુશ્રી વેલુબેન દેવરાજ મુરજી વધાણના સ્મરણાર્થે-આધોઈ-સાન્તાક્રુઝ. ૧૧૦૦/- શ્રી સીયા અનિલ ભણસાલી-મુંબઈ. ૧૦૦૧/- કોઠારી દિલીપભાઈ લહેરચંદભાઈ-મુંબઈ. ૩૦૦૦/- મહેતા જીતેન્દ્ર તલકશીભાઈ-મુંબઈ. ૧૦૦૧/- કોઠારી બિપીન લહેરચંદ-મુંબઈ. ૧૦૦૧/- કોઠારી દિલીપ લહેરચંદ-મુંબઈ. ૧૧૧૧/- શ્રી છાયાબેન મુકેશભાઈ સંઘવી-મુંબઈ. ૧૧૦૦/- શ્રી ચંદ્રા ચિમનલાલ મણિલાલ-મુંબઈ. દાન માટે સંપર્ક ટ્રસ્ટી શ્રી બાબુલાલ કાનજી વોરા-9324048223, શ્રી અમૃતલાલભાઈ કોરડીયા-9920313048. સ્થાનિક ટ્રસ્ટી શ્રી હિંમતલાલ જેઠાલાલ મહેતા મો.: 9879989024. (D-187)

## ધંધાદારી

### ટાલ, વાળ ઉતરવા, જૂ, ડેન્ડ્રફ, માથામાં ખંજવાળ, ઉંદરીની ટ્રીટમેન્ટ

વાળ ઉતરવા - BALDNESS - પીઆરપી લેઝર લાઈટ, FUE, માઈક્રોપીગ્મેન્ટેશન, હેર એક્સટેન્શન ટ્રીટમેન્ટ. દિયા હેલ્થ કેર - ત્વચા, લેઝર, કોસ્મેટીક સર્જરી સેંટર. ૧૦૨, બિલેશ્વર ટાવર, અતુલ ઈલેક્ટ્રોનિક્સની ઉપર, પાંચ રસ્તા જંક્શન, મુલુંડ (વે), ડૉ.વીણા 022-25901085 / 9820748840 સવારે : ૯-૧, સાંજે ૪-૭. (T-393)

### ફીટનેસ દાંડિયા/ગરબા બંઝારા ગ્રુપ ક્લાસ

જૂનથી નવરાત્રી બેચ લગ્ન, સંગીત સંધ્યા, બર્થ-ડે, એનીવર્સરી જેવા અનેક પ્રસંગોને યાદગાર બનાવવા બેઝીક, ગાંવઠી નવા સ્ટેપ્સ (પ્રોપર મુંબઈ), (દાદર), (માટુંગા), (ઘાટકોપર), (મુલુંડ), (ડોંબીવલી), (થાણા), (સાંતાક્રુઝ), (પાર્લા), (અંધેરી), (મલાડ), (કાંદિવલી), (બોરીવલી)માં અને (ફિલ્મી વેસ્ટર્ન ડાન્સ) પ્રાઈવેટ ગ્રુપમાં શીખવા (ભૂલકાની મસ્તી) (યુવાનોનું જોષ) (મહિલાઓની નજાકતતા) (ફાલ્ગુની પાઠક ફેમ અનેક એવોર્ડ વીનર) (કોરીયોગ્રાફર-ઈવેન્ટ ઓર્ગેનાઈઝર) પ્રોફેશનલ ટચ શ્રી પિયૂષ લાલન-9320650007. (T-395-A)

### ખારેક... ખારેક... ખારેક..

કચ્છ મોટી ખાખરના અંજના ગૃહ ઉદ્યોગની એક નવી પહેલ. અંજના ફાર્મ - મુંબઈમાં વસતા તમામ મુંબઈવાસીઓના ઘરેઘરમાં જાણીતું એક જ નામ અંજના ગૃહ ઉદ્યોગ સ્પે. પેંડા, મલાઈ પેંડા, કેસર પેંડા, દેશી ઘીના મીની સાટા તેમજ ફરસાણનો સ્વાદ તો માણ્યો છે. અને હવે આપની સમક્ષ લાવી રહ્યા છે ત્રણ અલગ અલગ વેરાયટીમાં ઓર્ગેનીક ખારેક. (૧) રેડ સોપારી (૨) રેડ જમ્બો (૩) રેડ કેસરી. કચ્છ માટે : 9879767079/ 9879711234. મુંબઈ-દાદર : જીયા ગૃહ ઉદ્યોગ, દિપક મારૂ : 9819472479. મૂલચંદ મારૂ : 9867999179, મુંબઈ દહિંસર : રામદેવ એસ્ટેટ એજન્ટ, સુશિલા મારૂ : 9322301604, ખુશાલ મારૂ : 9323371593. (M-997-B)

### પ્રીતી મેઝીક : ક્લોથ ક્લિનર

પ્રસ્તુત છે નવું પ્રીતી મેઝીક કલર ક્લોથ લીક્વીડ ક્લિનર એક બાલદી કપડા માટે માત્ર ૨ થી ૩ ઢાંકણા પર્યાપ્ત ડીટર્જન્ટ પાવડર સાથે કપડા પલાળતી વખતે ૧ અને મશીનમાં નાખતી વખતે ૧ થી ૨ ઢાંકણ નાખો. આપના વસ્ત્રો દેખાશે વધારે ચોખ્ખા, વધારે સફાઈવાળા. ફ્રી ડીલીવરી માટે સંપર્ક : 23054000, 23087521, 23088293 અન્ય ૫૦ ઉત્પાદનો. (D-169)

### દેશ વિદેશ કુરિયર 24*7

સાઉથ આફ્રિકા, કેન્યા, નાઈઝેરિયા, મોઝામ્બિક, યુગાન્ડા, મોરેશિયસ તથા બીજા આફ્રિકન દેશોમાં Documents, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample/Freight Economic/Express Service થી મોકલવા લાવવા અનુજ સંગોઈ (નાંગલપુર)ને ફોન કરો - Vaccum Packing Available. PAC n DELIVER T - 39698399, M: 8879991866 anuj@pacndeliver.com 20 years of Quality Service (M-982-C)

### મનફરા શાંતી નિકેતનમાં

બંગલો વેચવાનો છે. બંગલા નં.બી-૪૫૧, સેનેટોરીયમની સામે, ૨૫ લાખમાં. મો.: 9820930322. (M-1022-A)

### વેલેન્ટાઈન ડે સ્પેશીયલ ''મેરેજ મોલ''

તમારા પ્રિય પાત્રને આપો અનમોલ ભેટ વેલેન્ટાઈન ડે ના દિવસે જુલાઈ મહિનાથી શરૂઆત કરો અને (૧૦ મહિનાની સ્કીમ) ● Real Delux Diamond ની જ્વેલરી અનકટ ડાયમંડની ડિઝાઈનર જ્વેલરી આપની પસંદગીની પ્યોરીટી - ભાવની ગેરંટી સાથે 0% Making Charges. Certified Jewellery આપી વેલેન્ટાઈન ડે Special બનાવો. અમારું કલેક્શન જોવા પધારો તા. ૨૧, ૨૨, ૨૩ જૂન ● ''મેરેજ મોલ'' - ઘાટકોપર રેલ્વે સ્ટેશનની સામે, જીવનજ્યોત હોસ્પિટલની બાજુમાં, ઘાટકોપર-વેસ્ટ, સમય ૧૧ થી ૭. મો.: 9867376767. (G-174)

### ટ્રેકીંગ - વોટરફોલ્સ - નેચર ટ્રેઈલ્સ

રિસોર્ટ અને વોટરપાર્ક છોડીને કંઈ નવું માણવું હોય અને કુદરતના સ્વરૂપને નૈસર્ગિક રીતે જોવું હોય તો ચાલો કચ્છ ટ્રેકર્સના સંગાથે અવનવી જગ્યાઓ. ગામ ગ્રુપ, મહિલામંડળ, ગ્રુપ માટે અનોખી જગ્યાઓ એરેન્જ કરી આપવામાં આવશે. વિકએન્ડના ટ્રેકીંગ તો ખરા જ. તા. ૨૪ જૂન પ્રબલગઢ. તા. ૧ જુલાઈ તોરણાગઢ તથા વોટરફોલ્સ રેપલીંગ તા. ૮ જુલાઈ વિસાપુર ફોર્ટ તથા વોટરફોલ્સ રેપલીંગ. સંપર્ક : મનીષ 9820457977, જીગર-9819674672, ભક્તિ-9167967222. (T-396)

### શ્રી વાગડ સમાજના જાણીતા ગોરમહારાજ શ્રી ઉમેદ મહારાજ કડરવાવાળા-મલાડ (વે)



દરેક જાતના મુહૂર્તો, લગ્નના મુહૂર્તો, સુંદર અને સરસ લગ્નવિધી, પૂજા-પાઠ, વાસ્તુ-કથા-હવન, પહેડી, ભૂમીપૂજન, કો. કુંડલી, બરવિધી વિગેરે કાર્ય વિધી વિધાન માટે સંપર્ક : શ્રી ઉમેદ મહારાજ કડરવાવાળા મલાડ (વેસ્ટ). સુંદર અને સરસ લગ્નવિધીનું બુકીંગ ચાલુ છે. (M-941-C)

Mo.: 9821516082 ● (R) 28804545

### 'રાજા એન્ડ રાજા' દ્વારા વૉટર પ્રૂફીંગ એટલે વર્ષોના વર્ષો સુધી નિરાંત

૩૪-૩૪ વર્ષોથી હજારો ગ્રાહકોને લીકેજની પરેશાનીમાંથી છોડાવનાર, વૉટરપ્રૂફીંગના બેતાજ બાદશાહ તરીકે કચ્છ-વાગડ સમાજમાં લોકપ્રિય 'રાજા એન્ડ રાજા' વૉટરપ્રૂફીંગ કરે એટલે લીકેજ ૧૦૧% બંધની ગેરંટી! કામમાં ઈમાનદાર અને ગ્રાહકોના વિશ્વાસને વફાદાર 'રાજા એન્ડ રાજા' વરસાદના ગમે તેવા જૂના-જીદ્દી-કોમ્પ્લીકેટેડ લીકેજને જડબેસલાક બંધ કરે છે. W.C., બાથરૂમ-કીચન સીંક-વૉટરટેન્ક-બાથટબના કન્સીલ્ડ ફીટીંગ્સના લીકેજને પણ તોડફોડ વિના બંધ કરવાની અદ્ભૂત સિદ્ધિ ધરાવે છે! Call : 25080101. (D-182`)

### ખારેક ... ખારેક ... ખારેક ... ખારેક ...

## નવજીવન નેચર ક્યોર સેન્ટર

કચ્છના નવજીવન ઓર્ગેનિક ફાર્મની મીઠી ખારેક
૧. K.G. ના બોક્સ પેકિંગ સાથે
રૂા. ૧૫૦/- માં ઘરઆંગણે સ્વાદ માણો.

| | | |
|---|---|---|
| બ્રીચ્ચ સ્ટાઈલ | ચંપાગલી, નિલેશભાઈ | 49738456 |
| વામા બેગ્ઝ | ૨૯૪, ઝવેરી બજાર | 9702051009 / 22420040 |
| વિલેપાર્લા (ઈસ્ટ) | ગાલા સ્ટોર (જયંતીભાઈ) | 9819157664 / 26139320 |
| અંધેરી (વેસ્ટ) | ગુડલક જનરલ સ્ટોર | 9819983556 / 26743355 |
| ગોરેગામ (વેસ્ટ) | ચંદુભાઈ (ચંદુ સ્ટોર્સ) | 9167022338 / 2876 8920 |
| મલાડ (વેસ્ટ) | વીજય ડ્રાઈફ્રુટ સ્ટોર | 9702440220 / 28828670 |
| ઘાટકોપર (ઈસ્ટ) | અનીલભાઈ | 9892164110 / 9967545114 |
| થાણા (વેસ્ટ) | દીનેશભાઈ સત્રા (જનતા સ્ટોર) | 9819504470 / 25334468 |

લી. નવજીવન ઓર્ગેનિક ફાર્મ ● મહેશ છેડા - 9702051009 (C-149)

### ''૧૫ દિવસમાં ૩૦ લાંબા ચેપ્ટરો યાદ રાખવાની ટેકનિક સીખો'' ''આજે સાંજથી વિલેપાર્લે''

શું તમારી યાદશક્તિની પૂર્ણ ક્ષમતાનો તમે ઉપયોગ કરો છો? જૂન મહિનામાં બાળકો માટેનો સુપર મેમરી માસ્ટર વર્કશોપ લાંબા જવાબો, વ્યાખ્યાઓ, ઈતિહાસની તારીખો, નંબરો, નોટ્સ, ફોર્મ્યુલા, નકશાઓ સરળ ટેકનિકથી લાંબા સમય સુધી યાદ રાખવાની પદ્ધતિ શીખો! ફક્ત ૧૫ દિવસમાં ૩૦ લાંબા ચેપ્ટરો કડકડાટ યાદ રાખવાની પાવરફુલ ટેકનીક શીખો. લીમીટેડ સીટ્સ! અનલીમીટેડ ફાયદાઓ! ન ગમતા વિષયોને મનગમતા બનાવો! ઈન્ટરનેશનલ ટ્રેનર્સ દ્વારા ભરપુર પ્રેક્ટીસ અને વિવિધ ટેકનીકોથી ભરેલો સર્ટીફાઈડ કોર્સ એટલે સુપર મેમરી માસ્ટર. છ ઠ્ઠા ધોરણથી ઉપરનાં વિદ્યાર્થીઓ માટે **વિલેપાર્લે (૨૧ થી ૨૪ જૂન)** અને **મુલુંડ (૨૮ જૂન થી ૧ જૂલાઈ)**. તમારા ઘરે તમારા બાળક માટે ફ્રી મેમરી ડેમો યોજવા અમારા મેમરી એક્સપર્ટની અપોઈન્ટમેન્ટ બુક કરો.

(નોંધ : ૨ થી ૫ ધોરણનાં વિદ્યાર્થીઓ માટે બેઝીક કોર્સ ૨૨ થી ૨૪ જૂન કાંદિવલીમાં)

સંપર્ક - ભુવન : 88980 08624 / 28 D-184

કચ્છ-વાગડ ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યવસાયિક જાહેરાતો, મેટરો કે નિવેદનો તેમના પોતાના હોય છે. એમાંથી ઉદ્ભવતા પરિણામો વિશે શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન તેમજ કચ્છ-વાગડ ખબર પત્રિકાના તંત્રી જવાબદાર નથી.

## શ્રી દહિસર જૈન સંઘ,
## શ્રી "દહિસર" વાગડ વિશા ઓસવાળ સોશ્યલ ગ્રુપ
## અને શ્રી અંબિકા યોગકુટિર ના સંયુકત ઉપક્રમે ...

તંદુરસ્ત સ્વાસ્થય માટે

વિશ્વ યોગદિન નિમીતે

# "યોગ શિબિર"

Yoga

તા. ૨૩-૬-૨૦૧૮, શનિવારે સમય: સવારે ૮ થી ૧૦
સ્થળ : વર્ધમાન હોલ, વર્ધમાન બિલ્ડીંગ A વિંગ, બીજે માળે LT રોડ,
શ્રી શાંતિનાથ દેરાસર અને સ્ટેશનની બાજુંમાં, દહિસર (વેસ્ટ)

ચા - પાણી અને નાસ્તાની વ્યવસ્થા છે.

ઉપરોકત સંસ્થાઓના પ્રયાસોથી દહિસરમાં વસતા વાગડવાસી, કચ્છી અને સમગ્ર જૈન સમાજના ઘણા ભાઈ – બહેનો યોગકલાસમાં જોડાઈને શારીરીક તંદુરસ્તી મેળવી શકયા છે. યોગાનુયોગ આ મહિને ૨૧ જુન ના રોજ વિશ્વ યોગદિન આવી રહયો છે જેને અનુલક્ષીને એક સ્પેશ્યલ શિબિર સાથે યોગજાગૃતી કાર્યક્રમનું આયોજન આપણી સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે

**આવો આપણે પણ સામુહિક સંખ્યામાં એકત્ર થઈ યોગવિધાના ફાયદાનું જ્ઞાન મેળવીએ**
**આપણા શરીર - સ્વાસ્થ્ય ની માવજત કરીએ**



ભારતીય યોગવિધા અદભૂત છે જેનો સમગ્ર વિશ્વમાં છેલ્લા ૩ વર્ષથી આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી પ્રચાર અને પ્રસાર કરીને લોકોને જાગૃત કરી રહયા છે.

એક પણ પૈસાની દવા લીધા વિના આપણે હીટ અને ફીટ રહેવું હશે તો યોગનો આશ્રય લેવો જ પડશે.

દહિસરના દરેક જૈન સમાજના સદસ્યોને ઉપરોકત શિબિર માં પધારવાનું આગ્રહભર્યું આમંત્રણ છે. આ શિબિરમાં આપણા ઉત્સાહી પ્રશિક્ષકો શ્રીમતી ભાવનાબેન છાડવા, શ્રી રાજુભાઈ પ્રજાપતિ શ્રી ધીરેન મહેતા તેમજ યોગસેવકો શ્રી કેતન ગોગરી અને રીતેન ગાલા દ્વારા આયુષ ગ્રુપ ઓફ દિલ્હી પ્રમાણીત સરળ યોગ આસનોનું શિક્ષણ અને માર્ગદર્શન આપશે.

M 1038

લિ.

શ્રી પ્રેમજી પોપટલાલ સાવલા
(પ્રમુખશ્રી દહિસર વાગડ વિશા ઓસવાળ સોશ્યલ ગ્રુપ)

શ્રી અંબાલાલ જૈન
(ટ્રસ્ટી શ્રી દહિસર જૈન સંઘ)

Forever Creation : 7770037197

## શ્રી નુતન ત્રંબૌ વિશા ઓસવાળ મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ
## શ્રી નુતન ત્રંબૌ સ્થાનકવાસી જૈન સંઘ

**શ્રી મહાવીર સ્વામીનું શાસન સદાય મહેકતુ રહે...**
**દાદા અજરામર સ્વામીની કૃપા સદાય વરસી રહો...**

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે લિંબડી અજરામર સંપ્રદાયના તપોધની ગુરૂદેવ શ્રી શામજી સ્વામી તથા તિર્થ સ્વરૂપ મ.સ. વેલમાણિકય વિમલ, ઉજ્વલગુરૂણીની અસીમ કૃપાથી તથા શાંત સ્વભાવી ગુરૂદેવ પ.પુ. ધૈર્યમુની મ.સા. તથા ગુરૂદેવ શ્રી ભવ્યમુનિ મ.સા. તેમજ શાસન શૃંગાર પ્રવર્તિની પ.પુ. અનિલાજી મ.સ. તથા અન્ય મહાસતીજીઓના આજ્ઞાનુવર્તી પ.પુ. જીજ્ઞાસાબાઇ મ.સ. (નૂ.ત્રંબૌ), પ.પુ. પરિજ્ઞાજી મ.સ. (રામવાવ), તેમજ પ.પુ. કેવલશ્રી મ.સ. (રવ) આદી ઠાણા ત્રણ નું વિ.સં.૨૦૭૪ નું ચાતુર્માસ ની ઉજવણી પ્રસંગે જવાની ટીકીટો તા. ૨૪/૦૭/૨૦૧૮ની કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં આવી ગયેલ છે. હવે જેમણે નામો ન લખાવ્યા હોય તેઓ ગોચરી પાણી, વૈયાવચ્છ અને વ્યાખ્યાન વાણી તેમજ ધર્મનો લાભ લેવો હોય તેઓ પોતાનીરીતે સ્થાનિકે પહોંચીજવા વિનંતી.

તા.ક. ખુશાલી સાથે જણાવવાનું કે આપણા સંઘને ચાતુર્માસ નિમીતે જે બે ઠાણા ફાળવવામાં આવેલ હતા તે હવે ત્રણ ઠાણા ફાળવવામાં આવેલ છે અને તે આપણાજ ગામના દિકરી પ.પુ. જીજ્ઞાસાબાઈ મ.સ. (નુતન ત્રંબૌ) તેની જાણ ખાતર.

**ચાતુર્માસ સાધર્મિક ભક્તિ ની વહેતી ઓફરો નીચે પ્રમાણે આવેલ છે.**

૨૦૭ માતુશ્રી લક્ષ્મીબેન વેલજી વાઘજી શાહ તેનાથી વધીને
૨૧૬ માતુશ્રી માનુબેન કરમણ મોમાય ગાલા તેનાથી વધીને
૨૨૫ માતુશ્રી મોંઘીબેન અરજણ જીવરાજ નંદુ તેનાથી વધીને
૨૩૪ અ.સૌ. પુષ્પાબેન ગાંગજી ભાણજી બોરીચા તેનાથી વધીને
૨૪૩ અ.સૌ. મંજુલાબેન અમરશી પાલણ ગાલા ની આવેલ છે.

અને સ્થાનિકે તા. ૨૬-૦૭-૨૦૧૮ ના સવારે ૯.૩૦ વાગે પ્રવેશના કાર્યક્રમ વખતે અન્ય ચડાવા સાથે ફાઈનલ કરવામાં આવશે.

ખાસ નોંધ : ૧) પ્રવેશમાં જતી વખતે પોતાના ID પ્રુફ સાથે રાખવા.
૨) જે વ્યક્તિઓના નામની ટીકીટો છે. તે વ્યક્તિએજ પ્રવાસ કરવો અન્યથા સંઘની જવાબદારી રહેશે નહી.
૩) ટી.સી. ટીકીટ ચેક ન કરે ત્યાં સુધી પોતાનું સ્થાન જાળવી રાખવું.
૪) પ્રવાશ દરમ્યાન પાણી તથા જમવાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
૫) ભચાઉ સ્ટેશન થી નુ.ત્રંબૌ જવા માટે બસની વ્યવસ્થા રાખેલ છે.

લિ. મંત્રીશ્રીઓ : નરશી કરમણ ગાલા • નવિન અરજણ નંદુ
નેમચંદ ભુરાલાલ બૌવા • ચેતન વેલજી શાહ

ZanURi grafik : Ritesh Ramnik Nandu : 9967890250 (T-397)

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ
## ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ



### સ્વ. દેવરાજ દેવશી માડણ શાહ (સુવઈ)

**અરિહંત શરણ : તા. ૨૧.૦૬.૨૦૧૭**

દષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો,
અંતરમાં હજુએ પડધાય છે તમારી સ્મૃતિના ધબકારા,
વ્યવહારમાં હજુએ સચવાય છે તમારા સંસ્કારના રણકારા,
સ્મૃતિમાં હજુએ સંભળાય છે તમારી યાદોના ભણકારા.

પુજ્ય બાપુજી આપનો આત્મા જયાં હોય ત્યાં પરમ શાંતિ પામે એજ પ્રભુ પાસે પ્રાર્થના સાથે ભાવભીની શ્રધ્ધાંજલિ.

લિ.
અ.સૌ. મણીબેન વેલજી પોપટલાલ શાહ પરિવાર (સુવઈ)
અ.સૌ. પુષ્પા વિજય પ્રેમજી સત્રા પરિવાર (ભરૂડીયા)
G-170

## શ્રી રીટા યુવક મંડળ - મુંબઈ

### રીટા પરિવારના સમૂહ ઝુવાર

તા. ૨૩.૧૧.૨૦૧૮, કાર્તીકી પૂનમના દિવસે સમૂહ ઝુવાર કરવાનું નક્કી થયેલ છે તો ૪ મહિના પહેલા ટીકીટ પોતાની રીતે ટીકીટની સગવડ કરવી કઢાવી લેવી. જેમણે નામ લખાવેલ છે તેમણે ઘર દીઠ ૧ જણે આવવાનું રહેશે અને હજી પણ નામ લખાવવા વિનંતી અંદાજે ખર્ચ ૩૦૦૦ ઉપર આવશે. રહેવાની સગવડ પોતાની રીતે કરવાની રહેશે.

લિ.
શાંતાબેન નરપાર રીટા - ૯૯૩૦૪૬૪૨૪૯
જવેરબેન ધનજી રીટા - ૯૨૨૩૩૬૬૨૨૮
પ્રેમીલાબેન જયંતીલાલ રીટા - ૯૭૦૨૯૭૯૧૪૬
જવેરબેન કાન્તીલાલ રીટા - ૯૮૬૭૭૩૭૩૭૮
શ્રી રીટા યુવક મંડળ - મુંબઈ
(M-1028)



-: પત્રિકા સૌજન્ય :-
શ્રીમતી રમિલાબેન લખમશી નોંઘણ હીરજી રીટા (લાકડીયા)
ફેશન હાઉસ - એન એક્સ - અંધેરી (વે)



Ads by Sparsh Graphics - 9820218030

# શ્રી જગાણી ગાલા યુવક મંડળ (મુંબઈ)

## મણિલક્ષ્મી તીર્થ સુંદર જે જગમાં સોહાય....
## જગાણી ગાલા યુવક મંડળ સંગ ભક્તિમાં રંગાય....

**શ્રી જગાણી ગાલા યુવક મંડળ (મુંબઈ)** આયોજીત જે યાત્રા પ્રવાસ માટે આપણા અંતરમાં અજબનો ઉત્સાહ અને ઉમંગ છે તે પ્રવાસ (મુંબઈ) બોમ્બેસેન્ટ્રલથી **શુક્રવાર, તા. ૨૨.૬.૨૦૧૮** બરોડા એક્સપ્રેસ ટ્રેન દ્વારા રાતના **ટાઈમ ૧૧.૩૦** થી પ્રયાણ કરી **શનિવાર, તા. ૨૩.૬.૨૦૧૮** સવારના બરોડા ત્યાંથી બસ દ્વારા મણિલક્ષ્મી તીર્થ જવા રવાના. શનિવારની સોહામણી સવારના તીર્થમાં મુનિસુવ્રત દાદાના દર્શન, નવકારશી, સેવા–પૂજા કરી ધન્ય બનશું. બપોરનું ભોજન બાદ મણિલક્ષ્મી તીર્થ ભૂમિના સ્પર્શના કરવા સુમધુર સંગીતકાર, વિધિકારો દ્વારા સિધ્ધચક્ર મહાપૂજનનું અનુષ્ઠાન જેમાં માથા પર મુગટ અલંકારે શોભતા દાતા પરિવારો સાથે સકળ જગાણી ગાલા પરિવાર, નિયાણીબહેનો સામેલ થશે. સાંજના ચૌવિહાર બાદ રંગભવનમાં દાતા પરિવારજનો અને જગાણી ગાલા પરિવાર તેમજ નિયાણીબહેનો મહાઆરતીમાં સામેલ થશું. રાત્રી ઢળતાવેળાએ મુનિસુવ્રત દાદાની સમીપે કલાકારો રાત્રી ભાવનાનો સુર સંગીત વહેતો કરી મુનિસુવ્રત દાદાને પ્રસન્ન કરશે. આપણે સૌ ભક્તિ ભાવનામાં ભીંજાઈ રસ તરબોળ થઈ પ્રથમ દિવસને ધર્મમય બનીને ભરપૂર આનંદ પૂર્ણ કરી બીજા દિવસનો ઈન્તજાર કરતા નિંદ્રાધીન થશું.

બીજા દિવસે **રવિવાર, તા.૨૪.૬.૨૦૧૮** નાં મણિલક્ષ્મી તીર્થે શુભ પ્રભાતે દેવ દર્શન અને નવકારશી કર્યા બાદ સમય **૮.૪૫ વાગે** AC બસ દ્વારા પ્રાચીન તીર્થ **વાલવોડ** માટે રવાના. જેમાં **શ્રી સમવોશરણ ચૌમુખી જૈન મંદિર** તેમજ અઢાર અભિષેકની ઔષધિઓની નદી કિનારે સંકુલનું નિર્માણ કરવામાં આવેલ છે તે જોઈ બપોરે જમણ પતાવી **૧ વાગે વણોછરા** જવા રવાના. **૨.૩૦ વાગે** પહોંચી દર્શન, ચા વાપરી **૩.૩૦ વાગે સુમેરૂ** જવા રવાના. **૪.૩૦ વાગે** પહોંચી તથા દર્શન કરી **૫.૩૦ વાગે અણસ્તુ તીર્થ** જવા રવાના. **૬ વાગે** પહોંચી ચૌવિહાર, દર્શન પતાવી સાંજે **૭.૩૦ વાગે** બરોડા સ્ટેશન જવા રવાના. બીજા દિવસે **સોમવાર, તા. ૨૫.૬.૨૦૧૮**ના વહેલી પરોઢે ટાઈમ **૪.૪૫ વાગે** મુંબઈસેન્ટ્રલ સ્ટેશને આગમન.

## આ સંપુર્ણ યાત્રા પ્રવાસનાં ભક્તિ ભાવના દિલાવરીથી ઓળઘોળ સહયોગી દાતા પરિવારો



માતુશ્રી દમયંતીબેન દામજી ભીમશી ગાલા



શ્રીમતી મંજુલાબેન કાનજી બેચર ગાલા



માતુશ્રી શાંતાબેન ચાંપશી વીરજી ગાલા (હસ્તે વિપીનભાઈ)



શ્રીમતી નીતાબેન વિપીનભાઈ ચાંપશી ગાલા



શ્રીમતી દમયંતીબેન વીશનજી દેવજી ગાલા

**સમગ્ર જગાણી ગાલા પરિવાર દાતાશ્રીઓની અનુમોદના કરે છે.**
**હંમેશ મુજબ પરિવારનો સાથ–સહકાર–સંપ–સ્નેહ હંમેશા મળતો રહે....**

G-168

**લિ. શ્રી જગાણી ગાલા યુવક મંડળ**




**બંદિશ** લઇ ને આવી રહ્યું છે,
આપ સહુ સંગીતપ્રેમી શ્રોતાજનોના મનોરંજન માટે,
વર્ષાઋતુની ખુશનુમા, રળીયામણી સાંજે વાગડના કલાકારોના
મધુર કંઠે પ્રસ્તુત થનાર હિન્દી ફિલ્મ જગતનાં મશહુર
કપૂર બ્રધર્સ હિરો (રાજ કપૂર, શમ્મી કપૂર, શશી કપૂર)
ની ફિલ્મોના સુપ્રસિદ્ધ ગીતોની સુરીલી રંગબેરંગી મહેફીલ.

# સત્યમ - શીવમ - સુંદરમ

શુક્રવાર, ૬ જુલાઇ ૨૦૧૮ • સમય : સાંજે ૬.૦૦ વાગે

**સ્થળ : વીર સાવરકર ઑડીટોરીયમ, મેયર બંગલો પાસે, શિવાજી પાર્ક, દાદર (વે).**

કાર્યક્રમના માનવંતા સ્પોનસર્સ

TIMEX GROUP

માતુશ્રી મોંઘીબેન સામત સાંગણ ગાલા પરિવાર (ભચાઉ)
હ. જગશીભાઇ, ચાંપશીભાઇ, સુરેશભાઇ અને મહેન્દ્રભાઇ

FEONN

અ. સૌ. કંચનબેન શાંતીલાલ વીરમ રીટા
પરિવાર (લાકડીયા)

RANGEELA
માતુશ્રી સંતીબેન કરસન મુરજી છેડા
પરિવાર (લાકડીયા)

RICH LADY
અ. સૌ. પ્રભાબેન પ્રવિણ કરમણ ગાલા
પરિવાર (નૂ. ત્રંબૌ)

લિ.

**બંદિશ કમિટી**

હસમુખ ગાંગજી દેઢીયા (મનફરા)
નરેન્દ્ર વીરજીભાઇ છેડા (ખારોઇ)
કમલેશ અવચર શાહ (લાકડીયા)
જતીન દામજી ગાલા (ધાણીથર)

C 147

ખાસ નોંધ : કાર્યક્રમની અન્ય જાણકારી માટે આગામી પત્રિકા વાંચતા રહેશોજી.



## કોઇ સફળ બ્રાન્ડની કોપી કરીએ તો આપણી બ્રાન્ડ પણ આપોઆપ પ્રખ્યાત થઇ જાય?

કંપની કે પ્રોડક્ટની બ્રાન્ડ એક વ્યક્તિની આબરૂ જેવી હોય છે. માણસની આબરૂ કેવી રીતે બંધાય છે? બ્રાન્ડ એક દિવસમાં ઊભી થાય? બ્રાન્ડ બિલ્ડીંગ માટે જરૂરી બાબતો વિશે સમજ આપતો રીટેલ-હોલસેલ-મેન્યુફેક્ચરીંગ દરેક વિકાસશીલ ધંધાર્થી માટે સંજય શાહનો ઉપયોગી વર્કશોપ (હિન્દીમાં)

# "બ્રાન્ડ બિલ્ડીંગ"

રવિવાર તા. ૨૪-૬-૨૦૧૮ (સવારે ૯ થી ૧૨).
મીઠીબાઇ કોલેજ, પાર્લા (વેસ્ટ)

**ચાર્જીસ રૂ.૧૫૦૦. સંપર્ક: ૯૩૨૨ ૨૩ ૩૩ ૨૩**

**સંજય શાહ-છાડવા (સામખિયારી)**
SME બિઝનેસ કોચ
લેખક: બિઝનેસ મેનેજમેન્ટ સિમ્પ્લીફાઇડ (ઇંગ્લીશ, ગુજરાતી, મરાઠી)
ચીફ મેન્ટર: **www.SMEBusinessGuide.com**

M 1005 B



# ઘાટકોપરમાં

## લેડીઝ વેર શો રૂમ માટે મેનેજર જોઈએ છે.

- ☑ લેડીઝ વેરની દુકાન સ્વતંત્ર રીતે ચલાવી શકે અને જેમના મેન્યુફેક્ચરર્સ - હોલસેલર્સ સાથે સારા સંબંધ હોય એવી વ્યક્તિ 'મેનેજર' તરીકે જોઈએ છે.
- ☑ અનુભવ ત્રણ કે તેથી વધુ વર્ષ
- ☑ બાયોડેટા - પાસપોર્ટ સાઈઝ ફોટો અને અપેક્ષિત પગાર સાથે મળો.

ફોન કરવાનો સમય : ૧૨.૦૦ થી ૧૧.૦૦

**સંપર્ક : રીવા ફેશન**
**મો. 9137181013**

M 1011

# શ્રી વાગડ વિશા ઓશવાળ સોશ્યલ ગ્રુપ - બોરીવલી

## અને શ્રી અંબિકા યોગ કુટીર ના સથવારે

# યોગ કલાસ

બોરીવલી અને આસપાસ ના વિસ્તાર માં રહેતા વાગડ વિશા ઓશવાળ સમાજના ભાઇ-બહેનો માટે ઉપરોક્ત સંસ્થા દ્વારા તા. ૬-૨-૨૦૧૫ થી યોગ કલાસ ચાલુ છે. અત્યાર સુધી ૪૧ મહીનામાં ૪૫૦ જેટલા સમાજ ના ભાઇ-બહેનો એ પોતાના સ્વાસ્થ માટે જોડાઇ ને પોતાનું સ્વાસ્થ સુધાર્યુ છે અને સારી તંદુરસ્તી મેળવી છે.

**યોગ કલાસ નો ૧૩ મો બેચ શરૂ થશે.**

**તા. ૨૩-૦૬-૨૦૧૮ શનિવાર**

**સમય : સવારે ૭.૩૦ થી ૯.૦૦**

રેગ્યુલર કલાસ સમય : ૭.૩૦ થી ૮.૩૦

યોગ સાધના સ્થળ : શિતલા માતા મંદિર, તહસીલ દાર ઓફીસ ની બાજુમાં, બેંક ઓફ બરોડા ની સામે, શિંપોલી ગાંવ, બોરીવલી (વે)

તે દિવસે યોગ સાધકો દ્વારા વિવિધ યોગાસન નો લાઇવ ડેમો, તેમજ તેમના અનુભવો, સાથે આગળના બેચ ને પ્રમાણપત્ર આપવામાં આવશે. યોગ કલાસ ના નવા બેચમાં જોડાવા માટે અગાઉ થી નામ લખાવવા માટે શ્રી વિપુલ નેણશી ગાલા-૯૮૩૩૫૬૪૪૯૩ પર સંપર્ક કરશો.

લીમીટેડ સંખ્યા માં પ્રવેશ લેવાના હોવાથી વહેલા તે પહેલા ના ધોરણે નામ લખવામાં આવશે.

**................. યોગ સાધકો ના અનુભવ કથન .................**

ગરમી, ધૂળ અને સીઝન ચેન્જને કારણે વારંવાર થતી શરદીમાં ઘણી રાહત થઇ ગઇ. જલધૌતી ને લીધે પિત ની તકલીફ માં ફાયદો થયો અને વાળ ઉતરવાનું પણ ઓછું થયું. નિયમિત યોગા કરવાથી હાથની તાકાત વધી. – ડીમ્પલ દિપક નીસર (ખારોઇ)

રાતના અચાનક ઉઠી જવાની તકલીફ માં ફાયદો થયો. સારી ઉંઘ આવે છે. આંખની નીચેના ડાર્ક સર્કલ ઓછા થયા. સૂર્યપ્રકાશ ની એલર્જીના કારણે બપોરે બહાર જતા એસીડીટી અને પિતની તકલીફ થતી, પણ જલધૌતી કરવાથી હવે હું આરામથી બહાર ફરી શકું છું. – ચેતના દામજી ગડા (સામખીયારી)

જલધૌતી,નેતી,નેત્રસ્નાન જેવી શુધ્ધિક્રિયા કરવાથી એસીડીટી માટે અવાર નવાર લેવી પડતી ગોળી બંધ થઇ ગઇ. પહેલા બગાસુ આવે તો પુરૂ નહોતી લઇ શકતી, શ્વાસ અટકી જતો પણ હવે પુરતો શ્વાસ લઇ શકું છું. ચાલવામાં સ્પીડ વધી, થાક નથી લાગતો. પહેલા ડાબો હાથ દુ:ખતો હોવાથી ચતીજ સુતી, પણ હવે યોગા કરવાથી ડાબા પડખે પણ સુઇ શકું છું. – મંજુલા ભાનુપ્રસાદ ગડા (ભચાઉ)

બિમારીથી બહાર આવ્યા બાદ, વજન વધી જવું, શરીર માં આળસ, સ્વભાવમાં ચીડચીડયા પણુ જેવી તકલીફો માંથી બહાર આવવામાં યોગાથી ઘણો ફાયદો થયો. ગુસ્સા પર કંટ્રોલ આવી ગયો. હાથ, પગ માં તાકાત વધવાથી હેવી કામ કરી શકું છું. મન શાંત થયું અને શરીર સ્ફૂર્તિમય લાગે છે.

યોગા ચાલુ કર્યા પહેલા મને ૩૬ વર્ષથી સાયટીકા ની તકલીફ હતી. તેમા રાહત તઇ. ગેસની તકલીફમાં રાહત લાગે છે. છાતીમાં ભાર લાગતો હતો તે ઓછો થયો. નેતી ક્રિયાથી નાકની આસપાસનો કફ છુટો થઇ ગયો. કમર ના દુખાવામાં રાહત થઇ. શરીર માં સ્ફુર્તિ લાગે છે. – મંજુલા શરદ ગાલા (સમાઘોઘા)

શરીર માં ઘણી તકલીફના કારણે અંબિકા યોગ કલાસ માં જોડાયો. અહીનાં શિક્ષકો ની સખ્તી અને યમ નિયમોને કારણે ૩ મહિના આ કલાસ સાથે જોડાયેલો રહયો. શારીરીક તકલીફો માં ઘણી રાહત થઇ, આળસ દુર થઇ ગઇ અને શરીર સ્ફુર્તિમય બની ગયું. – દીપક શરદ ગાલા (સમાઘોઘા)

ખાસ નોંધ : રીપીટર માટે સવારે ૬.૧૫ થી ૭.૧૫ કલાસ રોજ ચાલુ છે.

**ખાસ નોંધ : શ્રી દેવશીભાઇ દેવરાજ ગડા ના પૌત્ર ખયાંસ ના જન્મ ખુશાલી નિમિતે સ્ટીલ ના ડબ્બા માં પેડા જેમણે ન લીધા હોય તેમણે આજે કાર્યલય માં થી ૧૧ થી ૪ માં મેળવી લેવા વિનંતી.**

લિ. શ્રી વાગડ વિશા ઓશવાળ સોશ્યલ ગ્રુપ - બોરીવલી — મંત્રીઓ

પત્રિકા સૌજન્ય:

**માતુશ્રી રત્નાબેન કુંભા રીણા ગાલા (આધોઇ)**

**હસ્તે. અ.સૌ. મંજુલાબેન નેણશી કુંભા ગાલા**

નીલમ ફેશન ✦ ગાલા ઇન્સ્યુરેન્સ

ઠક્કર મોલ, સ્ટેશન સામે, (બોરીવલી-વેસ્ટ)


નેણશીભાઇ


મંજુલાબેન


અ.સૌ.બીજલ-લતીશ


ચિરાગ


વિપુલ

(M-1030)

સામુહિક અનુમોદના સાંજી

ભાવિક આમંત્રણ

## સર્વધર્મ સમન્વયવાદી, યુગપ્રધાન, અનુશાસનપ્રવર્તક આચાર્યસમ્રાટ શ્રીમદ્ અજરામરજી સ્વામીના વિરાટ સામ્રાજ્યના ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠનું આલેખન કરનારા ઉપધાન પડિમા આરાધકોની ઐતિહાસિક સામુહિક અનુમોદના અને સાંજી

આચાર્યસમ્રાટશ્રીની કૃપાનો થયો સાક્ષાત્કાર; સમતામૂર્તિ પૂજ્ય નેમિચંદ્રજી સ્વામીના આશીષ વરસ્યા અનરાધાર; શ્રીમતી ચંદ્રાબેન શાહે આપ્યો અપ્રતીમ આવકાર; સ્વીટ મેમરીઝ સ્કૂલમાં સેકન્ડ ઇનિંગની શરૂઆત થઇ શાનદાર; પૂ.નરેશમુનિજીએ અને પૂ.ઓજસમુનિજીએ કર્યો અનુગ્રહ અપાર; ૧૦૦ જેટલા તપસ્વીઓથી શાસનનો થયો જય જયકાર; સૌમ્ય વક્તા ડૉ. પૂજ્ય આદર્શ ગુરુદેવનું રીસર્ચ હતું ધારદાર; લોઇ પાણી એક કરી, એકલે હાથે દિવસ રાત મહેનત કરી જોરદાર; શ્રીમતી હેમલતાબેન ગોગરી બન્યા પ્રથમ દાનના આધાર; શ્રીમતી ક્ષમાબેન ગડાની અને શ્રી અલ્પેશભાઇની ભક્તિ હતી બેશુમાર; સુશ્રાવિકા ડૉ. પાર્વતીબેન ખીરાણીનો હતો અનન્ય સાથ અને સહકાર; તપસ્વી બાળકો હતા પાણિદાર, આરાધકોની હોંશ લાવી પૂરબહાર; ગુરુદેવના પ્રત્યેક વચનમાં હતો આગમ-આધાર, પ્રવચનો હતા ધારદાર; બધી વિધિઓ - આવશ્યક ભાવકરણસ્થાન, ક્ષેત્રવિશુદ્ધિ, શૈયા વિશુદ્ધિ, વંદના, કાઉસગ્ગ, સંથવો, પ્રતિક્રમણ, પ્રતિલેખન, વાચના, આહારશુદ્ધિ, તપશ્ચર્યા, મૌન, સમિતિ, ગુપ્તિ શિક્ષાવ્રત, પૌષધ, દિશાવકાસિક, સ્વાધ્યાય, ધ્યાન, જાપ, આલોચના, પ્રાયશ્ચિત્ત, નું પાલન થતું હતું અનેકવાર અને ઉપધાન પડિમાની આરાધના થઇ જાનદાર; જેને અનુભવીને શ્રમણજીવનની ઝાંખી થતી હતી વારંવાર; અમરશીભાઇ, નાનજીભાઇ અને રતનબેનના હૃદયનો હતો રણકાર; વાગડ વિશા ઓસવાળ મહાજનના પગલા પડ્યા પહેલીવાર; તપસ્વીઓની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નિકળી ધમાકેદાર,; અનુમોદના કરવા માનવમેદની ઉમટી, ઇતિહાસની બની સાક્ષિદાર; લોકપ્રિય સંજયભાઇ શાહે ભાવવિભોર બની ધર્મદલાલી કરી દમદાર; ઉદારદિલ દાતાઓએ દાનનો વરસાદ વરસાવ્યો મુશળધાર; સહુ કોઇએ મોઢામાં આંગળા રાખ્યા, સહુ કોઇ કરતા થઇ ગયા વિચાર; જેની સાક્ષી હવે ઇતિહાસ આપશે એવો એક થઇ ગયો અદ્ભૂત ચમત્કાર. આ ઇતિહાસની અનોખી ઝલક માણવા પધારજો

## તા. ૧ જુલાઇ રવિવાર સવારે ૭:૦૦ વાગે

શ્રી અજરામર સ્થા. જૈન સંઘ નવાગામ દહિસરથી સવારે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નિકળશે અને ત્યારબાદ કાર્યક્રમ ગોપાલ હેમરાજ (જી.એચ.) હાઇ સ્કૂલ બોરિવલી ઇસ્ટમાં રાખેલ છે.

## સકલ સંઘને પધારવા નેહભર્યું નિમંત્રણ

કાર્યક્રમની રૂપરેખા: સવારે ૭:૧૫ વાગે નવકારશી ૭:૪૫ માંગલાચરણ અને તપસ્વીઓની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા ૯:૦૦ વાગે જી.એચ. સ્કૂલમાં કાર્યક્રમની શરૂઆત, દાતાઓને આવકાર, સ્વાગત, લોકપ્રીય કલાકાર શ્રી સંજય શાહ અને સાથીઓ દ્વારા અનુમોદનાની અનોખી થીમ પ્રસ્તુત થશે, ઇતિહાસ નિર્માણની ઝલક અને ગુરુદેવનું પ્રવચન.

**ખાસ આકર્ષણ : આગામી ઉપધાન આયોજન અને સ્થળની જાહેરાત.**

કરોડો વિચારોના મનોમંથનમાંથી મળતા વિષને ગળી ગયા પછી અમૃતને પ્રાપ્ત કરનાર સૌમ્ય વક્તા ડૉ. પૂજ્ય આદર્શ ગુરુદેવની હૃદયદ્રાવક વાણીને માણવાનું ચુકશો નહીં લિ. શ્રી અજરામર સર્વોદય ટ્રસ્ટ(મુંબઇ) ટ્રસ્ટીગણ

ગુરુદેવનો વિહાર : ૨૦/ખોપોલી, ૨૧/ચૌક, ૨૨/રાયગડ પેટ્રોલપંપ, ૨૩/ખારઘર, ૨૪/વાશી, ૨૫/ઘાટકોપર, ૨૬/પાર્લા અંધેરી, ૨૭/ગોરેગાંવ ૨૮/દહિસર નવાગામ, ૨૯/દાદાનો સંથવો (વદ બીજ) - દહિસર વેસ્ટ નવાગામ સ્થાનક. વિશેષ માહિતિ માટે આગામી જાહેરાતો વાંચતા રહેશો.

5604 M


છેડા જ્વેલર્સ પ્રસ્તુત કરે છે,
૨૦૧૮ નું સૌથી ઉત્તમ સેલ..
સુપર સેલ
૨૦૧૮
21ST JUNE - 1ST JULY
અવ્વલ કારીગરીનો એક્સક્લ્યુઝિવ
નમુનો જોવા મળશે
માત્ર છેડા જ્વેલર્સમાં
બીકાનેરી । જડાઉ । ફિલિગ્રી
કાઠિયાવાડી । મીનાકારી
હાથ નક્ષી । પેંટીંગ । ફેન્સી
ફ્યુઝન અને મૉડર્ન કારીગરી
916 Hall Mark જ્વેલરી
ફ્લેટ મેકીંગ ચાર્જ*
માત્ર
રૂ.149/-
ઓલ્ડ ગોલ્ડ*
19 કેરેટ KDM સુધીની જૂની ગોલ્ડ જ્વેલરીના
એક્સચેંજમાં, કંઈ પણ રેણ - કસર
કાપ્યા વીના મેળવો એટલાજ વજનની,
916 Hall Mark જ્વેલરી માત્ર
રૂ.225/- મેકીંગ ચાર્જમાં*

M 1032

# અભિનંદન

ગામ સામખીયારીના વેવાણ–વેવાઈ હેમલતા હરિલાલ ભીમશી ગડાની પુત્રવધૂ
દિકરી શ્રીષ્મા અને જમાઈ કલ્પેશ હરિલાલ ગડાના ભાઈ રોહિતની સંગીની ડૉ.ફોરમ
ગામ કકરવાના રસલીયારા ગ્રુપના મિત્ર
અમૃતબેન અને રમણીક કાનજી નંદુની સુપુત્રી ડૉ.ફોરમ

## ડો. ફોરમ રોહિત ગડા (BDS)

**સ્માઈલ કલ્ચર ક્લિનીક**

Shop No.2, Nirman Bldg., Liberty Garden Main Road,
Near Morbi Sweet, Malad (West), Mumbai - 400 064.

**ના ઉદ્‌ઘાટન બદલ હાર્દિક અભિનંદન**
**અંતરના આર્શિવાદ**

લિ.
માતુશ્રી નામાબેન બચુભાઈ દેવશી નંદુ - કકરવા (પરિધાન ગ્રુપ-તાડદેવ)
શ્રીમતી જવેરબેન અને ચંપક નંદુ ● શ્રીમતી વનિતા અને રાયચંદ નંદુ
શ્રીમતી હેતલ અને ધર્મેશ નંદુ ● શ્રીમતી વિશાખા અને રોનક નંદુ
આનંદ...અભિષેક...સિમરન તરફથી *Congratulations*



**ક્લિનીક સમય**
**સોમવાર થી શનિવાર**
**સવારે ૧૦ થી સાંજે ૭.૩૦**
**(રવિવારે એપોઈનમેન્ટ દ્વારા)**

M-1037



# ફ્રી... ફ્રી... ફ્રી...

## ગોરેગામ – મલાડમાં હોસ્પિટલ– કેમ્પમાં ખુશીઓ તરફનું પગલું...

**ડો. જુગલ શાહ** (M.S., D.N.B., D.O.M.S., P.C.P.S.)જેઓ આંખોના પ્રખ્યાત સર્જન છે. આ કેમ્પમાં તેઓ તદ્દન નિઃશુલ્ક ચેકઅપ, જરૂરીયાતમંદને ફ્રી ઓપરેશન, આંખોના ચશ્મા વગેરેની સેવા પુરી પાડશે. તેઓએ ૭૦,૦૦૦ થી વધારે મોતીબિંદુના ઓપરેશન કરેલ છે અને કચ્છમાં ભચાઉ (વાગડ), બિદડા, ભોજાયમાં ૨૦ વર્ષથી સેવા આપેલ છે. તો આપ જરૂરથી આવીને આ અમૂલ્ય સેવાનો લાભ લેશો.

**ડો. જ્યોતિ શાહ** (M.D, D, GO, D.F.P.) જેઓ સ્ત્રી રોગના પ્રખ્યાત સર્જન અને Infertility Specialist છે. તેઓ વંધ્યત્વની સારવાર (છોકરા ન થતા હોય) ખૂબ જ ઓછા દરે કરે છે. તે દર મહિને નિઃસંતાન દંપત્તિઓની સારવાર કરવા શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ (કચ્છ) જાય છે. તેઓ અશક્ય ને શક્ય તેમજ આપના સપના પુરા કરવાનો પુરો પ્રયાસ કરશે. આ કેમ્પમાં તેઓ તદ્દન ફ્રી ચેકઅપ કરશે. તો આપ આવીને આપની સમસ્યાનું સમાધાન કરશો.

M-945

**તા.૨૪.૬.૨૦૧૮, રવિવાર નામ નોંધાવવા જરૂરી**
**હિમાચલ બિલ્ડીંગ, એસ.વી.રોડ, સુંદર નગરની સામે, મલાડ (વેસ્ટ).**

**ફોન નં.**
**2875 44 00 / 2878 61 07 / 2875 21 02**


**છાડવા પરિવારના બાગબાન, જન્મદાતા-સંસ્કારદાતા પિતાને**
**૧૭મી પુણ્યતિથીએ ભાવભરી**

**સ્મરણાંજલિ... શ્રધ્ધાંજલિ... સ્નેહાંજલિ...**



જન્મ તારીખ
૧૧.૦૯.૧૯૪૯

અરિહંત શરણ
તા : ૨૧.૦૬.૨૦૦૧

## સ્વ. શ્રી લખમશી ગોપાલ છાડવા (ગામ–લાકડીયા)

પ્રેમ વરસાવતું જીવન જીવ્યા તમે... સ્મિત સહનશીલતા, સજ્જનતા અને સત્કાર્યોની સુવાસ ફેલાવી તમે... પ્રેરણારૂપ બનતા ગયા. આપના સંસ્મરણોને સહારે જીવન નાવ હંકારી રહેલા પરિવારજનોની પરમાત્માને એક જ પ્રાર્થના આપની પાસે આવેલા આ દિવ્ય અલૌકિક આત્માનું કરજે સર્વ રીતે કલ્યાણ આત્મા પરમ મોક્ષ–સુખને પામે એજ અમારી અમૃતમય શ્રધ્ધાંજલિ.

લિ.

ગં.સ્વ. દિવાળીબેન લખમશી છાડવા
અ.સૌ. દીપ્તિબેન હરેશ લખમશી છાડવા
અ.સૌ. હંસાબેન અતુલ લખમશી છાડવા
અ.સૌ. રાજુલબેન ભાવીક રમેશ છાડવા
અ.સૌ. ગીતાબેન રમેશ લખમશી છાડવા
મોનીલ, ફોરમ, દુષિકા, વિધિ, હેતવી, ક્રિષા

**ગોપાલ – વેરશી છાડવા પરિવાર**

M-1020




## પ્રતિષ્ઠા વિધી સંવત ૨૦૭૪, જેઠ સુદ -૧૫, ગુરૂવાર તા. ૨૮.૬.૨૦૧૮

ગીંદરા પરિવારજનો જે ઘડીની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે સુંદર ઘડી આપણા આંગણે આવી પહોંચી છે.
કુળદેવી શ્રી આછલમાઁ અને શ્રી ઝામરીમાઁ ની સ્થાપના નૂતન મંદિરમાં જેઠ સુદ પુનમ, ગુરૂવાર, તા.૨૮.૬.૨૦૧૮ ના શુભ દિવસે વાજતે ગાજતે કરવામાં આવશે.
આ શુભ પ્રસંગે (૪) દિવસીય મહોત્સવ યોજવામાં આવનાર છે જે તા. ૨૬.૬.૨૦૧૮ થી ૨૯.૬.૨૦૧૮ સુધી રહેશે જેની તૈયારીઓ આરંભાઈ ચુકી છે.

### મહોત્સવની ઝલક

- તા.૨૬.૬.૨૦૧૮ થી મહોત્સવ વિધી અને સતચંડી યજ્ઞની શરૂઆત થશે જે ત્રણ દિવસ સુધી ચાલશે.
- અને રાત્રે બોક્ષ ક્રિકેટનું આયોજન ગીંદરા યંગસ્ટર ગ્રુપ (જી સ્ક્વેર) દ્વારા કરવામાં આવશે.
- ૨૭.૬.૨૦૧૮ નાં માતાજી રથયાત્રા અને રાત્રે ગીતા રબારી એન્ડ પાર્ટીના સંગીત સાથે લોક ડાયરાનું આયોજન કરેલ છે.
- ૨૮.૬.૨૦૧૮ નાં શુભ દિવસે સવારથી પ્રતિષ્ઠા વિધી અને માતાજીની સ્થાપના ની વિધીની શરૂઆત થશે અને ૧૨.૩૯ ના અભિજીત મુહુર્તે માતાજીની સ્થાપના કરવામાં આવશે અને રાત્રે ઓરકેસ્ટ્રા પાર્ટીની સંગાથે રાસ ગરબાની રમઝટ.
- ૨૯.૬.૨૦૧૮ ની શુકનવંતી સવારે શુભ મુહુર્ત ધ્વાર ઉદ્દ્ઘાટન અને આરતી કરવામાં આવશે.
- આ ચારેય દિવસમાં આના સિવાય બીજા અનેક પ્રોગ્રામો કરવામાં આવશે.
- ઉપરોક્ત સંપૂર્ણ કાર્યક્રમમાં સર્વે ગીંદરા પરિવારજનો ઉત્સાહ ભેર ભાગ લેશો અને જેમણે ટિકીટ ન કઢાવી હોય તો હજી પણ કઢાવી લેજો નહીં તો પાછળથી પસ્તાશો.
- આ મહોત્સવ દરમ્યાન ગેમ શો નું સુંદર આયોજન ગીંદરા સખી મંડળ દ્વારા કરવામાં આવેલ છે જેની શરૂઆત મુંબઈથી થઈ ગયેલ છે.

M-1034

**માતાજીના મંદિરમાં દેશમાં જવા માટે જે કોઈ લોકોએ નામ લખાવેલા છે તેઓ એ પોતાની ટિકીટ નીચે લખેલ સેન્ટર ઉપરથી મેળવી લેવા વિનંતી**
**(૧) સિલેક્શન સેન્ટર - ગ્રાન્ટરોડ (ઈસ્ટ) (૨) યશ કલેક્શન -અંધેરી (વેસ્ટ) (૩) ખજાના ઈલેક્ટ્રોનિક્સ - ગોરેગામ (વેસ્ટ)**
**(૪)ગેટસ ફેશન - બોરીવલી (વેસ્ટ) (૫)ખીમજીભાઈ - એ-૭૦૨, નવકાર કૃપા, નવરોજીલેન,ઘાટકોપર (વેસ્ટ).**

વધુ વિગત માટે **જયેશભાઈ** - 98193 42800 ● **રમણીકભાઈ** - 98201 79898 ● **ખીમજીભાઈ** - 99674 33967 ● **દેવશીભાઈ** - 98215 49898
**પ્રકાશભાઈ** - 97733 56977 ● **મનસુખભાઈ** - 98198 10204 ● **શાંતીલાલ** - 98196 74505

લિ.મંત્રીઓ

પધારો || શ્રી આદિનાથાય નમઃ || || શ્રી સંભવનાથાય નમઃ || || શ્રી શાંતીનાથાય નમઃ || પધારો

|| પદ્મ જીત હીર કનક દેવેન્દ્ર કંચન કલાપૂર્ણ કલાપ્રભ સદ્‌ગુરૂભ્યો નમઃ ||

# શ્રી વાગડ વીશા ઓસવાળ મૂર્તિપૂજક જૈન સંઘ, દહિસર (ઈસ્ટ)

## શ્રી દહિસર સંઘના આંગણે, શ્રી સંભવનાથ દાદાના દરબારે
## આવ્યો રૂડો અવસર અમ બારણીયે, શ્રી ગુરૂવર પધારશે અમ આંગણીયે

## નગર પ્રવેશ

સહર્ષ જણાવવાનું કે આપણા શ્રી સંઘના અહોભાગ્ય છે કે વખતોવખત સાધુ–સાધ્વીજી મ.સા.ના નગર પ્રવેશનો આપણને લ્હાવો મળે છે. એવીજ રીતે જેઠ સુદ ૧૨ ને રવિવાર તા. ૨૪/૬/૨૦૧૮ ના શુભ સકાળે પ.પૂ. આધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય કુમુદચંદ્ર સૂરીશ્વરજી મ.સા. ના મુંબઈ નગર પ્રવેશનો આપણા શ્રી સંઘને અનેરો લાભ મળ્યો છે. આચાર્ય પદવી પ્રદાન થયા બાદ પૂજ્યશ્રી પ્રથમ વખતજ મુંબઈ નગર પ્રવેશ કરશે અને આપણા દહીસર નગરે એમના પાવન પગલા પડશે. તો આવા રૂડા પ્રસંગે સકળ સંઘના ભાઈઓ તથા બહેનોને બહોળી સંખ્યામાં હાજર રહી પ્રસંગને શોભાયમાન બનાવવા નમ્ર વિનંતી.

### કાર્યક્રમની રૂપરેખા

**શુભ દિન : રવિવાર તા. ૨૪/૬/૨૦૧૮**

| | | |
|---|---|---|
| સવારે ૭.૦૦ કલાકે | : | દહિસર ચેકનાકા પાસે વાજતે ગાજતે પ્રવેશ અને સામૈયુ (બહેનોએ શણગારેલા બેડા લઈ ચેકનાકા પાસે હાજર રહેવું.) |
| સવારે ૮.૦૦ કલાકે | : | શ્રી સંભવનાથ દેરાસરમાં આગમન, દર્શન વંદન, માંગલિક પ્રવચન (પ્રવચન બાદ નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.) |

શુભસ્થળ : ક્રીસ્ટલ પ્રાઈડ હોલ, મુવીજેમ સીનેમા કમ્પાઉન્ડ, રવિન્દ્ર હોટેલની બાજુમાં, દહિસર (ઈસ્ટ)

### રૂડા પ્રસંગના નવકારશીનો લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર



## માતુશ્રી ચાંપુબેન કાનજી નરશી રાંભીયા પરિવાર, ગામ – મનફરા

આ રૂડા પ્રસંગે સમસ્ત વાગડ વીશા ઓસવાળ સમાજના જ્ઞાતિજનોને બહોળી સંખ્યામાં સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી.

આપ સહુની ઉપસ્થિતી એ જ પ્રસંગની શોભા બની રહેશે.

લી. ટ્રસ્ટીગણના જય જીનેન્દ્ર

M 1036

# અભિનંદન... Congratulations! અભિનંદન...

## ગામ લાકડીયાના શાહ પરિવારનું ગૌરવ
## ગામ નંદાસરના વિસરીયા પરિવારનું ગૌરવ

You Have Made Us Proud

**98.6%**
Best of Five

**98.5%**
Aggregate
I.C.S.E. (10th Std.)

1st Rank in C.N.M. School, Vile Parle



## ચિ. ઈશિકા ધર્મેન્દ્ર શાહ

અમારી **લાડકવાયી** ચિ. ઈશિકાને I.C.S.E. 10thની પરિક્ષામાં સફળતા સાથે ઉત્તીર્ણ થઈ પરિવારનું નામ રોશન કરવા બદલ ખૂબજ અભિનંદન અને ભવિષ્યમાં પણ માતા સરસ્વતીની કૃપા અને વડીલોના આશિર્વાદથી આ જ રીતે શિક્ષણક્ષેત્રે સિધ્ધિ મળતી રહે એ જ અભ્યર્થના...

**લિ.**

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : અ.સૌ. નાનુબેન અવચર શાહ | (લાકડીયા) |
| માતા-પિતા | : અ.સૌ. પ્રવિણા ધર્મેન્દ્ર શાહ | (લાકડીયા) |
| કાકી-કાકા | : અ.સૌ. કાજલ અમીત શાહ | (લાકડીયા) |
| ફૂઈ-ફૂઆ | : અ.સૌ. કલ્પના રસિક નંદુ | (લાકડીયા) |
| બહેન-ભાઈ | : કીશા, દીપ, માન્યા, રેનિસા, કાવ્ય, ઈરાજ | |
| નાની-નાના | : ગં.સ્વ. રાજીબેન મુરજી વિસરીયા | (નંદાસર) |
| મામી-મામા | : અ.સૌ. મીનાબેન કેયુર વિસરીયા | (નંદાસર) |
| | : અ.સૌ. રીમાબેન સમીત વિસરીયા | (નંદાસર) |
| માસી-માસા | : અ.સૌ. શીતલબેન હિરેન ગીંદરા | (આધોઈ) |
| બહેનો | : જોયલ, સમાયરા, ચાના, માયશા | |

M-1025


જૈનમ જયતી શાસનમ્
તા. ૨૧-૦૬-૨૦૧૮ ગુરૂવારે અમારા ઘર આંગણે...
આજે 166 મો ઉપવાસ
180 ઉપવાસ
દિવ્ય તપસ્વી અને ૧૮૦ ઉપવાસ ના સમારાધક
પરમપૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી. હંસરત્ન વિજયજી મ.સા.
એમના આજે ૧૬૬ માં ઉપવાસ ના દિવસે પલગા કરવા પધારસે,
આ અવસર પર આપ સૌ પધારી જિનશાસન ની શોભા વધારો.
કાર્યક્રમ ની રૂપરેખા
સામૈયું : સવારે ૬.૪૫ કલાકે ગુંદેચા ગાર્ડન્સ ના મુખ્ય દ્વારે થી ચાલુ થશે
પ્રવચન : સવારે ૭.૧૫ કલાકે પ્રવચન હૉલ માં
પગલા અને માંગલિક : સવારે ૮.૦૦ કલાકે અમારા ઘર આંગણે
નવકારશી : સવારે ૮.૧૫ કલાકે ભોજનશાળા માં
: સ્થળ :
ફ્લેટ નં. ૧૦૧, એ-વિંગ, ગુંદેચા ગાર્ડન્સ, લાલબાગ, મું.-૧૨.
નિમંત્રક : શ્રી કિશોર જૈન શ્રીમતી નિશા જૈન
: પત્રિકા સૌજન્ય :
Pacific Digital
શ્રીમતી રતનબેન વાલજી ડુંગરશી ગાલા (ઘાણીથર)
શ્રીમતી લીલાબેન પ્રેમજી ડુંગરશી ગાલા (ઘાણીથર)
ZanURi grafik : Ritesh Ramnik Nandu : 9967890250
(T-401)




# શ્રી વાગડ કલા કેન્દ્ર–મુંબઈ

દ્વારા

## કોર્નિયાગ્રાફટિંગ કેમ્પ – ૩૮ મું ચરણ

**અંતર મનના ચક્ષુઓ ખૂલ્યાં ને બન્યા પ્રજ્ઞાચક્ષુઓની દ્રષ્ટિના દાતાર**
**આવ્યો અવસર જીવનમાં ને અન્યની જિંદગીના બન્યા તારણહાર**







## રંગ બે–રંગી દુનિયા જોવાના સપનાઓ કર્યા સાકાર

**માતુશ્રી મોંઘીબેન ભારમલ ભચુભાઈ નિસર (ગાગોદર–તારદેવ) પરિવારને**
**૩૮માં કોર્નિયાગ્રાફટિંગ કેમ્પના દાતા બનવા બદલ**


સ્વ. પિતાશ્રી ભારમલ ભચુભાઈ નિસર

હાર્દિક શુભેચ્છાઓ
સહ...
ભૂરી ભૂરી અનુમોદના...


માતુશ્રી મોંઘીબેન ભારમલ નિસર


શ્રીમતી અરુણાબેન નેણશી ભારમલ નિસર

**Soni Moni Creation**
16, Shankar Niwas, 20, Tardeo Road,
Haji Ali, Mumbai - 400 034.
Tel.: 2532 4198 / 2351 2713 / Resi : 2380 3147

લિ. ટ્રસ્ટબોર્ડ અધિકારી બોર્ડ અને કારોબારી સભ્યો

E-589

# પ્રથમ પુણ્યતિથીએ

## ઝાલાણી પરિવાર તરફથી સ્મરણાંજલિ



# સ્વ. જયંતિલાલ લાલજીભાઈ શાહ

**ગામ : ગાગોદર • હાલે ઘાટકોપર**

**અરિહંતશરણ : તા.૨૧-૬-૨૦૧૭, બુધવાર**

દિન વિત્યા, માસ વિત્યા, વિત્યુ આખુ વરસ,
આપની નિખાલસ તસ્વીર નિરખી મળે પ્રેરણાનો પારસ,
વર્ષો વિતશે, યુગો વિતશે, સ્મૃતિ આપની અમર રહેશે.
સત્કાર્યોના શીલાલેખને, કાળ પણ નહીં સ્પર્શશે,
ગુમાવ્યા ભલે અમે સ્પંદનો, શીર છત્રને ધબકાર,
રહેશે સદા અમ હૃદયમાં, આપે સિંચેલા સંસ્કાર
પરમાત્માને કરીએ અમે બે હાથ જોડી પ્રાર્થના
આપનો દિવ્ય આત્મા પામે પરમ પદ એ જ અર્ચના.
**પ્રથમ પુણ્યતિથીએ અર્પીએ આપને શ્રધ્ધાંજલિ,**
**સ્વીકારજો અમ અંતરની ભાવભરી ભાવાંજલિ.**

## શ્રધ્ધાસુમન અર્પતા સમસ્ત ઝાલાણી પરિવાર

**માતુશ્રી જેઠીબેન ખેતશી કુંવરજી ગાલા પરિવાર (ધાણીથર)**

માતુશ્રી ખીમઈબેન માડણ નરપાર છેડા પરિવાર (ગાગોદર)

માતુશ્રી સંતિબેન ભચુ ભીમશી ગડા પરિવાર (લાકડીયા)

માતુશ્રી નાંગલબેન રામજી રણમલ નિસર પરિવાર (ધાણીથર)

માતુશ્રી રામુબેન શીવજી લખમણ ગડા પરિવાર (ગાગોદર)

અ.સૌ.લીલાવંતી થાવર ખેતશી ગાલા
અ.સૌ. જશવંતી વેલજી ખેતશી ગાલા
અ.સૌ.મંજુલાબેન મણશી ભીમશી છેડા
અ.સૌ. નુતન મયુર વેલજી ગાલા
અ.સૌ.ડૉ.જ્યોતિ ચિરાગ થાવર ગાલા
અ.સૌ. વિભા નિખીલ વેલજી ગાલા

અ.સૌ.સંગીતા ભરત હરગણ ગડા
અ.સૌ.અલ્પા કાર્તિક નાનજી ગડા
અ.સૌ.જીજ્ઞા ડૉ. કેયુર જયંત છેડા
અ.સૌ.ઉર્વી હિતેશ મણશી છેડા
અ.સૌ. કલ્પના રમેશ ગાંગજી શાહ
અ.સૌ.યોગિતા જીગ્નેશ વેલજી ગડા

કુમાર ચેતન થાવર ખેતશી ગાલા

NEEL PARI AD & GRAPHICS - 9322299742

G 169

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



ગામ
ગાગોદર

મુંબઈ
ઘાટકોપર

## સ્વ. જયંતીલાલ લાલજી બેચરા શાહ ઉ.વ.-૬૧

અરીહંત શરણ - તા. ૨૧/૬/૨૦૧૭,બુધવાર

### વિયોગનો વિત્યો એક વરસ, યાદ વિનાનો નથી વિત્યો એક દિવસ

સ્વભાવમાં શાલીનતા, વાણી–વર્તનમાં વિનમ્રતા, પરિવાર પ્રત્યે પારાવાર પ્રેમ, જીવદયા–ધર્મ પારાયણતા અને જીવમાત્ર પ્રત્યે કરૂણાભાવ વડે માનવ દેહને રૂડી રીતે ઉજાગર કરનારા પરિવારના વાત્સલ્યમૂર્તિશ્રીના આત્મા પ્રતિ નત્ મસ્તકે શ્રધ્ધા સુમન અર્પણ

### આપનો સોકાતુર પરિવાર

માતુશ્રી મોંઘીબેન લાલજી બેચરા શાહ પરિવાર – ગાગોદર
માતુશ્રી ભારતીબેન બાબુલાલ લાલજી ગડા પરિવાર – લાકડીયા

સંપૂર્ના Graphics
Manilal Nandu 9820218030

(M-10029)

Printed and Published by ADV. HASMUKHLAL VELJI SHAH (The Printer and Publisher) for SHRI WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN CHARITABLE TRUST (The Owner) Office : Shree Parimal - II, 103, 1st Floor, Daftary Road, Malad (E), Mumbai- 400 097. Printed at Dangat Media Pvt. Ltd. Office : 22 Dighe MIDC, TTC Industrial Area, Dighe, Navi Mumbai - 400 708. Editor : Dr. NAGJI KESHAVJI RITA